PN 29-23

## પ્રેસનોટ

# પિતાશ્રીની સ્મૃતિમાં અને પૌત્રી પ્રિશાના જન્મદિન નિમિત્તે માંડવીના થલેશ્વર પરિવાર દ્વારા આંખના 107 દર્દીઓના ફ્રી ઓપરેશન કરાવાયાં

## LNM લાયન્સ હોસ્પિટલ ભુજ મધ્યે 141 મા કેમ્પનું આયોજન થયું

ભુજ, તા. 26-02-2023

માંડવીના સ્વ. પુરૂષોત્તમભાઈ દયાળજીભાઈ થલેશ્વરના આત્મશ્રેયાર્થે અને પૌત્રી ચિ. પ્રિશા વી. થલેશ્વરના જન્મદિન નિમિત્તે ગં.સ્વ. મહાલક્ષ્મીબેન પુરૂષોત્તમભાઈ થલેશ્વર અને શ્રી ભરતભાઈ પી. થલેશ્વર તરફથી LNM લાયન્સ હોસ્પિટલ ભુજ મધ્યે આંખના 141મા ફ્રી આઈ કેમ્પનું આયોજન થઈ ગયું. જેમાં કચ્છના આંખના 100 થી વધારે જરૂરીયાતમંદ દર્દીઓના ઓપરેશન કરાવાયાં.

આજનો આ કાર્યક્રમ ખુબ જ વિશેષ અને ઐતિહાસિક બની રહ્યો હતો. કારણ કે, આજના કાર્યક્રમમાં લાયન્સ ક્લબ્ઝ ઈન્ટરનેશનલ 3232–J ના MJF લાયન હિરલબા જાડેજા (1st VDG), PMJF લાયન રમેશભાઈ રૂપાલા (2nd VDG), 13 પૂર્વ ડિસ્ટ્રીક્ટ ગવર્નર ઉપસ્થિત રહ્યા હતા. આવું અત્યાર સુધીના ઈતિહાસમાં પ્રથમ વખત બન્યું હતું. જેમાં, MJF લાયન સુરેશ સંઘવી (DG 1979-1980), PMJF લાયન સુરેશ કોઠારી (DG 1994-1995), MJF લાયન મીના કોટેચા (DG 1995-1996), MJF લાયન ડૉ. પી.સી. જોશી (DG 1996-1997), MJF લાયન હિતેશ કોઠારી (DG 2005-2006), MJF લાયન ગીતા સાવલા (DG 2006-2007), MJF લાયન ધીરજલાલ રાણપરીયા (DG 2007-2008), લાયન મોના શેઠ (DG 2008-2009), MJF લાયન રમેશ પટેલ (DG 2010-2011), લાયન ભાવના કોઠારી (DG 2012-2013), MJF લાયન મીના મહેતા (DG 2015-2016), PMJF લાયન ચંદ્રકાંત દફતરી (DG 2018-2019), PMJF લાયન ધીરેન મહેતા (DG 2020-2021) હતા.

કાર્યક્રમમાં દાતા પરિવાર અને મુખ્ય મહેમાનશ્રીઓમાં શ્રી પ્રદિપભાઈ થલેશ્વર, શ્રી રમેશભાઈ થલેશ્વર, શ્રીમતી સપનાબેન થલેશ્વર, શ્રી કેશુભાઈ પટેલ (પ્રમુખશ્રી, કચ્છ જિલ્લા ભાજપ અને ધારાસભ્યશ્રી, ભુજ), શ્રી અનિરૂદ્ધભાઈ દવે (ધારાસભ્યશ્રી, માંડવી–મુંદ્રા), શ્રી જીજ્ઞેશભાઈ લાભુભાઈ કષ્ટા (ચેરમેનશ્રી, માંડવી નગરપાલિકા), શ્રી રાજેન્દ્રભાઈ ટાંક (પ્રેસિડેન્ટ, ગ્લોબલ ચેમ્બર ઓફ કોમર્સ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ લો–ઈન્ટરનેશનલ), ગં.સ્વ. અમૃતબેન હરીલાલ વાયા (પ્રમુખશ્રી, સોની મહિલા મંડળ–માંડવી ), સોની મગનભાઈ હરીભાઈ સાગર (મગનબાપા), આજના કાર્યક્રમના પ્રોજેક્ટ કો–ઓર્ડિનેટર Ex લાયન મહેન્દ્રભાઈ સોની અને શ્રી અમિતભાઈ વાયા ઉપસ્થિત રહ્યા હતા.

હોસ્પિટલની સેવાકીય પ્રવૃત્તિથી પ્રભાવિત થઈ અલગ અલગ દાતાશ્રીઓ દ્વારા અનેક દાનની જાહેરાત કરાઈ હતી. જેમાં, શ્રી જયંતભાઈ શ્રીમાનકર દ્વારા 1 ડાયાલિસિસ મશીન માટે રૂ. 750,000/–, સ્વ. હરીશભાઈ સામજી મેપાણીની સ્મૃતિમાં 1 ડાયાલિસિસ મશીન માટે રૂ. 750,000/–, મસ્કતથી પધારેલ શ્રી નિલેશભાઈ શાહ દ્વારા 1 આઈ કેમ્પ, લાયન્સ ક્લબ ઓફ ભુજના પ્રેસિડેન્ટ લાયન શૈલેન્દ્ર રાવલ દ્વારા 1 આઈ કેમ્પ, આજના દાતાશ્રી ભરતભાઈ થલેશ્વર દાતા 3 માસ બાદ ફરીથી 1 આઈ કેમ્પ, શ્રીમતી સુંદરબેન ગોરસીયા તરફથી 1,00,000/–, શ્રીમતી પુષ્પાબેન ગોરસીયા તરફથી રૂ.1,00,000/–, લાયન ચંદ્રકાંત દફતરી તરફથી રૂ. 11000/–, લાયન મોનાબેન શેઠ તરફથી રૂ.11000/–, લાયન રમેશભાઈ પટેલ તરફથી રૂ.11,000/–, લાયન રમેશભાઈ રૂપાલા તરફથી રૂ.11,000/–, MJF લાયન

હીરલબા જાડેજા તરફથી રૂ.11,000/–, લાયન દિપેશ ગણાત્રા – પ્રેસિડેન્ટ લાયન્સ ક્લબ ઓફ ગાંધીધામ યુવા તરફથી રૂ.11,000/– જાહેર કરાયાં હતા.

આજના પ્રસંગે LNM ગ્રુપ લાયન્સ હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર તરફથી લાયન્સ ક્લબ ઓફ ગાંધીધામ યુવાની સેવાકીય પ્રવૃત્તિઓમાં મદદરૂપ થવા માટે 10 ઓક્સિજન સિલિન્ડર અને 2 ઓક્સિજન કોન્સન્ટ્રેટર ભેટ સ્વરૂપે આપવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં રિજિયન ચેરપર્સન લાયન વ્યોમા મહેતા, ઝોન–1 ચેરમેન લાયન અશ્વિન સોલંકી, લાયન રશ્મિ રમેશ રૂપાલા, લાયન મંજુલા રાણપરિયા, લાયન સોનલ પટેલ, PMJF લાયન હર્ષ મહેતા તેમજ લાયન્સ ક્લબ ઓફ ભુજ, ગાંધીધામ યુવા તેમજ અન્ય ક્લબોમાંથી લાયન્સ અને લિઓ મેમ્બર્સ અને આંખના ઓપરેશન માટે આવેલ દર્દીઓના સગા પણ ઉપસ્થિત રહ્યા હતા.

સર્વેનું વાજતે ગાજતે સ્વાગત બાદ દિપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમની શરૂઆત કરાઈ હતી. સર્વેએ હોસ્પિટલના વિવિધ વિભાગોની મુલાકાત લીધી અને હોસ્પિટલની કામગીરીને ખૂબ બિરદાવી હતી. લાયન્સ ક્લબ ઓફ ભુજના પ્રેસિડેન્ટ લાયન શૈલેન્દ્ર રાવલ દ્વારા સ્વાગત કરાયું હતું. હોસ્પિટલના ચેરમેન MJF લાયન ભરતભાઈ એ. ડી. મહેતાએ હોસ્પિટલમાં ચાલતી સેવાકીય પ્રવૃત્તિઓથી સર્વેને માહિતગાર કર્યા હતા અને દાતાશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

દાતા પરિવારનું પાઘડી, શાલ, સન્માનપત્ર તથા મોમેન્ટોથી સ્વાગત કરાયું હતું. જ્યારે અન્ય ઉપસ્થિત તમામ મહેમાનોનું શાલથી સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન લાયન પ્રફુલ શાહ તેમજ આભાર વિધિ લાયન્સ ક્લબ ઓફ ભુજના લાયન ઉમેશ પાટડીયા દ્વારા કરવામાં આવી હતી.

## પ્રેસનોટમાં પ્રસિધ્ધ કરવાના ફોટા



